શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જ્યોતિર્ગમય

(દ્વિમાસિક મુખપત્ર)

To, ______________________

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : ''ગેલી પ્રિન્ટર્સ'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ.
વર્ષ : ૬ - અંકઃ ૩૯ ડિસેમ્બર-'૧૪/જાન્યુઆરી-૨૦૧૫ (૦૨૮૬-૨૨૪૮૦૯૧)

## ૧) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજ દ્વારા એન.એસ.એસ. કેમ્પનું આયોજન :-

ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ના એન.એસ.એસ.ના કેમ્પનું આયોજન તા. ૨૬-૧૨-૨૦૧૪ થી તા. ૦૧-૦૧-૨૦૧૫ દરમિયાન બગવદર મુકામે કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્‌ઘાટન સમારંભ 'સાહેલી ગ્રામ્ય વિકાસ સંસ્થાન-બગવદર' ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં બગવદરના સરપંચશ્રી વિક્રમભાઈ ઓડેદરા, ઉપસરપંચશ્રી દેવાભાઈ, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના ઈન્ચાર્જ પ્રિન્સિપાલશ્રી દક્ષાબહેન, પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલશ્રી સુમરીબહેન, સાહેલી ગ્રામ્ય વિકાસ સંસ્થાનના પ્રમુખશ્રી શ્રીમતી નીતાબહેન વોરા, ડૉ. વી. આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા, ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા હોસ્ટેલના એડમિનિસ્ટ્રેટર શ્રી પુષ્પાબહેન જોષી તથા પ્રા. ડૉ. ભાવનાબહેન કેશવાલા ખાસ હાજર રહ્યા હતા.

કેમ્પના દિવસો દરમ્યાન શિબિરાર્થીઓ દ્વારા સાહેલી ગ્રામ્ય વિકાસ સંસ્થાનના મેદાન તથા બગીચાની સફાઈ ઉપરાંત, શિવમંદિરની સફાઈ તથા પ્રાથમિક શાળામાં શિક્ષણકાર્ય કરવામાં આવ્યું હતું તથા શાળાના વિદ્યાર્થીઓમાં વધતા જતા ગુટકા-ફાકીના વ્યસનનાં પ્રમાણને ધ્યાનમાં રાખીને 'વ્યસન મુક્તિ' તથા 'સ્વચ્છતા' ના સંદેશાઓ આપતા પોસ્ટરોનું પ્રદર્શન તથા આ અંગેના વક્તવ્ય આયોજનનું કરીને, શિબિરાર્થીઓ દ્વારા વિદ્યાર્થીઓને વ્યસનમુક્તિ માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા તથા ગ્રામસમાજમાં 'સ્વચ્છતા અને બેટી બચાવો' અંગેની જાગૃતિ કેળવવાના હેતુથી એક રેલીનું તથા વૃક્ષારોપણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૦૧-૦૧-૨૦૧૫ ના રોજ યોજાયેલા સમાપન સમારોહમાં શ્રીમતી નીતાબહેન વોરા તથા ગામના પ્રતિષ્ઠિત નાગરિકો હાજર રહ્યા હતા તથા સૌએ શિબિરાર્થીઓ દ્વારા કરાવાયેલી પ્રવૃતિઓને બિરદાવી હતી. શિબિરાર્થીઓ તથા પ્રાથમિક શાળાનાં બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાયા પછી, બાળકોને ઈનામો આપીને પ્રોત્સાહિત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ, ડૉ. ગીતાબહેન ઉનડકટ તથા પ્રા. દક્ષાબહેન ચોટાઈ તથા શિબિરાર્થીઓએ જહેમત ઉઠાવી હતી અને તેમને ડૉ. નાગરસાહેબ તથા શ્રી કગથરા સાહેબનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

## ૨) મહિલા કોલેજમાં યોગાસન અને પ્રાણાયામ શિબિર :-

ડૉ. વી.આર. જી. મહિલા કોલેજમાં તા. ૦૨-૦૧-૨૦૧૫ થી તા. ૦૫-૦૧-૨૦૧૫ સુધી ચાર દિવસ માટે 'યોગ-પ્રાણાયામ શિબિર' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ શિબિરમાં યોગનિષ્ણાંત તરીકે શ્રી જીવાભાઈ ખૂંટી તથા શ્રી ખીમભાઈ મારૂએ પોતાની નિઃસ્વાર્થ સેવાઓ આપીને શિબિરને સફળ બનાવી હતી. આ કાર્ય માટે મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ તથા વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબે જહેમત ઉઠાવી હતી.

## ૩) ડૉ. વી. આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલમાં પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી :-



પોરબંદરના શિક્ષણજગતમાં એક પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા તરીકે જાણીતા ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલમાં તા. ૨૬-૧૦-૨૦૧૫ ના રોજ, ૬૬ મા 'પ્રજાસતાક પર્વ' ની શાનદાર ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં સંકુલના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાના વરદ હસ્તે ત્રિરંગો લહેરાવવામાં આવ્યો. આ પાવન પ્રસંગે શૈક્ષણિક સંકુલમાં ઉપસ્થિત મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગર સાહેબ તથા અન્ય તમામ વિભાગના વડાઓ, તમામ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીનીઓને પ્રજાસત્તાકદિનની શુભકામનાઓ પાઠવી હતી અને જણાવ્યું હતું કે, આજના દિવસે આપણા દેશની લોકશાહીનો પવિત્ર ગ્રંથ - સ્વતંત્ર ભારતનું બંધારણ - અમલમાં મુકાયો હતો અને સાથે શ્રી વિસાણા સાહેબે ઉપસ્થિત સર્વેને 'સ્વચ્છ ભારત' અભિયાનમાં જોડાવા અનુરોધ કર્યો હતો તથા શિક્ષણક્ષેત્રને અનુરૂપ સૌને 'કંઇને કંઇ નવું' શીખતા રહીને પોતાની લાયકાત સાબિત કરીને આ રીતે પોતાની દેશભક્તિ પ્રગટ કરવા જણાવ્યું હતું.



ધ્વજવંદન પછી રજુ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં શૈક્ષણિક સંકુલમાં કાર્યરત પ્રાયમરી વિભાગ, હાઈસ્કુલ વિભાગ, કોલેજ વિભાગ, M.A. (English) તથા હોસ્ટેલ વિભાગની વિદ્યાર્થીનીઓએ ડાન્સ, ગ્રુપડાન્સ, સ્પીચ, સોંગ તથા શ્રી ચેતનભાઈ દવે દ્વારા દિગ્દર્શિત નાટક 'ક્રાંતિ' રજુ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહિલા કોલેજની એન.એસ.એસ. વિભાગની વિદ્યાર્થીનીઓ કુ. દિપાલી દવે તથા કુ. નમ્રતા જાદવએ કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરશ્રી, ડૉ. ગીતાબહેન ઉનડકટ તથા પ્રા. દક્ષાબહેન ચોટાઈ અને વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવી હતી.

## ૪) ગોઢાણિયા મહિલા કોલેજનું ગૌરવ :-

ગોઢાણિયા મહિલા કોલેજમાં બી.કોમ સેમે.-૬ (ગુજરાતી માધ્યમ)માં અભ્યાસ કરતી શ્રી નરેન્દ્રભાઈ તથા શ્રીમતી રેખાબહેન (નાયબ મામલતદાર)ની સુપુત્રી કુ. સીમા એન. જોષી અદ્વિતીય ચિત્રકલા ધરાવે છે. પોરબંદરમાં તા. ૨, ઓક્ટોબરના રોજ, ગાંધી જયંતિની ઉજવણી પ્રસંગે, કીર્તિમંદિર ખાતે, પોરબંદરના ચિત્રકારો દ્વારા ચિત્રકલાના વિવિધ નમૂનાઓ તૈયાર કરાવી, તેનું પ્રદર્શન ગોઠવવાનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં કુ. જોષી સીમાએ કેન્વાસ ઉપર તૈયાર કરેલું પૂ. મહાત્મા ગાંધી તથા પૂજય કસ્તુરબાનું સુંદર ચિત્ર પણ મુકવામાં આવ્યું હતું. તે અંગેનું સર્ટીફિકેટ પણ તેને કીર્તિમંદિર પોરબંદર ખાતેથી એનાયત કરવામાં આવ્યું છે.

ઉપરાંત, આ ચિત્રકાર વિદ્યાર્થીનીએ પોરબંદર શહેરના જન્મદિન નિમિતે, રક્ષાબંધનના દિવસે પોરબંદર નગરપાલિકા દ્વારા આયોજીત ચિત્રસ્પર્ધામાં પણ ભાગ લઇને દ્વિતીય વિજેતા ક્રમ મેળવ્યો હતો તથા જુનિયર ચેમ્બર ઓફ ઈન્ટરનેશનલ ઈન્ડિયા તરફથી યોજાયેલી સ્પર્ધામાં પણ તેણે ભાગ લીધેલો. સાથે જ 'નગરપાલિકા-પોરબંદર' તથા 'દિવ્ય ભાસ્કર' દ્વારા યોજાયેલ 'Wallbook Painting Programme-2015' માં પણ ભાગ લીધો છે. ગોઢાણિયા કોલેજમાં પણ અવારનવાર યોજાતી ચિત્રસ્પર્ધાઓમાં પણ પોસ્ટર તથા ચિત્રો દોરીને ઉચ્ચ વિજેતા ક્રમ પ્રાપ્ત કરેલ છે. આમ આ તેજસ્વીનીએ પોતાનો વ્યક્તિગત વિકાસ સાધવાની સાથોસાથ ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજને પણ ગૌરવ અપાવેલ છે અને તેને ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, ટ્રસ્ટીશ્રી શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા, શ્રી ભરતભાઈ વિસાણા, પ્રિ.શ્રી ડૉ. નાગરસાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ તથા સમગ્ર કોલેજ પરિવારે ખુબ ખુબ અભિનંદન પાઠવેલ છે.

## ૫) C.C.D.C. / UDISHA અંતર્ગત પ્રવૃતિઓ :-

૧) તા. ૨૪-૧૨-૨૦૧૪ ના રોજ, સમગ્ર કોલેજની વિદ્યાર્થીનીઓ માટે એક Reasoning Test નું આયોજન કરવામાં આવેલું, જેમાં આશરે ૧૦૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં નીચેની ચાર વિદ્યાર્થીનીઓ ૭૦% ગુણ મેળવીને પ્રથમ આવેલ છે.

- રેખા આર. કારાવદરા - B.Com. Sem-6 (EM)
- નમ્રતા જી. જાદવ - B.Com. Sem-6 (EM)
- પ્રિયા આર. થાનકી - B.Com. Sem-6 (EM)
- બંસી લાખાણી - B.Com. Sem-6 (EM)

૨) તા. ૦૨-૦૧-૨૦૧૫, ના રોજ, 'ધો. ૧૨ પછી, કારકીર્દિ ઘડતરની વિવિધ તકો' અંગેના એક સેમિનારનું આયોજન શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા ગર્લ્સ હાઈસ્કુલમાં કરવામાં આવેલું. જેમાં PPT દ્વારા 'Goal Setting' અને વિવિધ કોર્ષ અંગેની માહિતી શ્રી કલ્પનાબહેન જોષી, પ્રા. જાનકીબહેન કોટેચા તથા પ્રા. મિતલબહેન જેઠવા દ્વારા આપવામાં આવી. આમાં હાઈસ્કુલની ૧૩૫ વિદ્યાર્થીનીઓએ સેમ-૨ (અંગ્રેજી માધ્યમ) ની વિદ્યાર્થીનીઓ ખુશ્બુ લોઢારી અને દિપ્તી બદિયાણીએ કર્યું હતું.

૩) તા. ૦૫-૦૧-૨૦૧૫ ના રોજ, 'X-Plora Design School' ના સહયોગથી 'મલ્ટીમીડીયા સાથે સંબંધિત વિવિધ વ્યવસાયલક્ષી કોર્ષ અને તેના આધારે પ્રાપ્ત થતી નોકરીની તકો' અંગેના એક 'Workshop' નું આયોજન કરવામાં આવેલું. જેમાં ૧૨૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં અમદાવાદથી આવેલા શ્રી પટેલ સાહેબે મલ્ટીમીડીયાના વિવિધ પ્રકારના ઉપયોગો અંગે PPT દ્વારા માર્ગદર્શન પુરૂં પાડયું હતું. કાર્યક્રમનું સંચાલન કુ. ખુશ્બુ લોઢારી અને કુ. દિપ્તી બદિયાણીએ કર્યું હતું.

૪) તા. ૨૯-૦૧-૨૦૧૫ નાર રોજ, Indian Coast Guard દ્વારા થતી કામગીરીઓ અને તેમાં કારકીર્દિ ઘડતરની તકો માટેનાં એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વક્તા તરીકે ડેપ્યુટી કમાન્ડર શ્રી તારીક રમેશન અને આસિસ્ટન્ટ ડેપ્યુટી કમાન્ડર શ્રી અશ્વિન આપ્ટેએ ઉપયોગી માહિતી પુરી પાડી હતી. જેમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી ૮૦ વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. કાર્યક્રમનું સંચાલન

બી.કોમ. સેમે.-૬ (અંગ્રેજી માધ્યમ) વિદ્યાર્થીનીઓ કુ. ગોલ્ડી ખતવાણી અને કુ. માયા ચુંડાવદરાએ કર્યું હતું. અતિથિઓનું સ્વાગત ડૉ. ઈલાબહેન થાનકીએ અને આભારવિધિ શ્રી કલ્પનાબહેન જોષીએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરાસાહેબે જહેમત ઉઠાવી હતી.

## ૬) સ્વામી વિવેકાનંદ કેન્દ્ર અંતર્ગત પ્રવૃતિઓ :-

'શ્રી રામકૃષ્ણ મિશન-પોરબંદર' દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજની વિદ્યાર્થીની કુ. જયના થાનકીએ 'નિબંધ સ્પર્ધા' માં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો.

આ ઉપરાંત, 'વિચાર-પ્રસાર પરીક્ષા' માં મહિલા કોલેજની કુ. ધ્વનિ પરમાર એ પ્રથમ નંબર તથા કુ. ભાવિષા ગાધેર અને કુ. ક્રિષ્ના મહેતાએ તૃતીયક્રમ મેળવ્યો હતો. આ તમામ વિજેતાઓને કોલેજ પરિવાર તરફથી ખૂબ ખુબ અભિનંદન.

## ૭) Youth Red Cross અંતર્ગત પ્રવૃતિઓ :-



- 'સ્વાસ્થ્ય જાળવણી' અંગે એક ડોક્યુમેન્ટરી વિદ્યાર્થીનીઓએ બતાવવામાં આવી.
- બ્લડ ડોનેશન કેમ્પ.
- જ્ઞાનાત્મક પુસ્તક મેળાની મુલાકાત.
- કોલેજ કેમ્પસમાં અને કોલેજ બહાર સફાઈ કાર્યક્રમ.

## ૮) લાઈબ્રેરી સમિતિ અંતર્ગત પ્રવૃતિઓ :-

- તા. ૧૦-૧૨-૨૦૧૪ - સમાજશાસ્ત્રનાં પુસ્તકોનું પ્રદર્શન.
- તા. ૦૩-૦૧-૨૦૧૫ - પુસ્તકમેળાની મુલાકાત (તાજાવાલા સ્કુલ)
- તા. ૧૬-૦૧-૨૦૧૫ - ગુજરાતીનાં પુસ્તકોનું પ્રદર્શન
- તા. ૨૦-૦૧-૨૦૧૫ - શ્રી ભાસ્કરભાઈ જાનીનું વ્યાખ્યાન

## ૯) એન.એસ.એસ. અંતર્ગત પ્રવૃતિઓ :-

- તા. ૨૬-૧૨-૨૦૧૪ થી તા. ૦૧-૦૧-૨૦૧૫ સુધી બગવદર મુકામે એન.એસ.એસ. કેમ્પનું આયોજન.
- તા. ૨૨/૨૩-૦૧-૨૦૧૫, શ્રી હરિમંદિર પોરબંદર ખાતે પૂ. ભાઈશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ નવમા પાટોત્સવ દરમ્યાન યોજાયેલા મેડિકલ કેમ્પમાં એન.એસ.એસ.ની વિદ્યાર્થીનીઓએ સહયોગી ભુમિકા ભજવી.
- તા. ૨૬-૦૧-૨૦૧૫ ના રોજ, શૈક્ષણિક સંકુલમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન.
- તા. ૩૦-૦૧-૨૦૧૫ ના રોજ, 'ગાંધી નિર્વાણ દિન' ના ઉપક્રમે કીર્તિમંદિર-પોરબંદર ની એન.એસ.એસ.ની વિદ્યાર્થીનીઓ દ્વારા મુલાકાત.

## ૧૦) 'સ્કાઉટ એન્ડ ગાઈડ' અંતર્ગત પ્રવૃતિઓ :-

- તા. ૦૯-૦૧-૨૦૧૫ પરીક્ષાલક્ષી મિટીંગ.
- તા. ૧૮-૦૧-૨૦૧૫ સ્કાઉટ એન્ડ ગાઈડ પરીક્ષા.

## ૧૧) ત્રિવેણી સંગમ કાર્યક્રમ :-

ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં દર વર્ષે આર્ટ્સ, કોમર્સ અને હોમસાયન્સ વિદ્યાશાખાઓમાં અને આર્ટ્સ વિદ્યાશાખા દરેક વિષયોમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ, વર્તમાન વિદ્યાર્થીનીઓ અને વાલીશ્રીઓના સ્નેહમિલનના ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરાય છે. તે અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ માં પણ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

**૧) સમાજશાસ્ત્ર વિભાગ (તા. ૦૭-૦૧-૨૦૧૫) :-** 'સામાજિક પરિવર્તન' ની થીમ ઉપર આધારીત આ કાર્યક્રમની શરૂઆત કુ. રિદ્ધિ થાનકી દ્વારા પરમકૃપાળુ પરમાત્માની સ્તુતિ સાથે કરવામાં આવી. આ પછી આદરણીય ટ્રસ્ટીશ્રી શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા, હોસ્ટેલ

એડમિનિસ્ટ્રેટર શ્રી પુષ્પાબહેન જોષી તથા મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયા બાદ આ ત્રણેય મહાનુભાવોએ આમંત્રિત વાલીશ્રીઓ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓને આશીર્વચનો પાઠવ્યા હતા. સાથે જ વાલીશ્રીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત પણ કરવામાં આવ્યું હતું. આ પછી સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. રેખાબહેન મોઢાએ સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવતી પ્રવૃતિઓનો અહેવાલ તથા સમાજશાસ્ત્ર વિષયનું મહત્વ સમજાવતું વકતવ્ય આપ્યું હતું. આ પછી રજુ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રે આવી રહેલા પરિવર્તનો જેવાં કે સ્ત્રીનું સ્થાન, શિક્ષણ, ધર્મ, રાજકરણ વિગેરેને સમાજશાસ્ત્ર વિભાગની સેમે.-૨ અને સેમે.-૬ ની વિદ્યાર્થીનીઓએ વાર્તાલાપ અને વકતવ્ય દ્વારા રજુ કર્યા હતા. સાથે જ સમાજમાં આજકાલ વધી રહેલા સ્ત્રીભ્રૂણહત્યા, બાલિકા હત્યા અને સ્ત્રીઓને અપમાનિત કરવાના તથા તરછોડવાના વધતા જતા બનાવોના સમયમાં સેમ-૪ની વિદ્યાર્થીની કુ. પુનમ છાંયાએ સ્વરચિત કાવ્ય 'એક બહેન તો હોવી જ જોઈએ' સૌની સમક્ષ રજુ કર્યું હતું. સાથે જ કુટુંબસંસ્થામાં આવી રહેલા પરિવર્તન રજુ કરતું નાટક, 'દિકરી કુળદિવડી' સેમ-૬ની વિદ્યાર્થીનીઓએ તથા લગ્ન સંસ્થામાં આવી રહેલા પરિવર્તનોને રજુ કરતું નાટક ' લગ્ન - સંબંધ કે બંધન ?' સેમ-૪ ની વિદ્યાર્થીનીઓએ રજુ કર્યું હતું. જેમાં સેમ-૪ અને ૬ ની ૩૦ થી વધુ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પછી તરત જ ગીત-સંગીત અને નૃત્યકલાના ક્ષેત્રે આવી રહેલા પરિવર્તનની ઝલક દર્શાવતું એક સુંદર નૃત્ય બી.એ. સેમ-૬ની વિદ્યાર્થીનીઓએ રજુ કર્યું હતું.

આ પછી તરત જ ૧૭ વાલીશ્રીઓમાંથી ૦૧ અને ૧૯ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓમાંથી ૦૧ એ ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં અપાતા શિક્ષણ અંગે તથા ત્રિવેણીસંગમ કાર્યક્રમ અંગે પોતાના અભિપ્રાયો રજુ કર્યા હતા તથા તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ તથા વાલીશ્રીઓએ પોતાના અભિપ્રાયો લેખિત સ્વરૂપે પણ રજુ કર્યા હતા. આ પછી તરત જ સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા ચલાવવામાં આવતા ટૂંકાગાળાના અભ્યાસક્રમો તથા સમાજશાસ્ત્ર અભ્યાસવર્તુળ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ પ્રવૃતિઓ અંગેના સર્ટીફિકેટ પણ ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે વિદ્યાર્થીનીઓને એનાયત કરવામાં આવ્યા હતા અને 'સામાજિક પરિવર્તન' સાથે સંબંધિત જુદા જુદા ચાર્ટ પણ વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરાયા હતા. અંતમાં, આભારવિધિ ડૉ. કીર્તિબહેન જાનીએ કરી હતી અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન સેમ-૬ની વિદ્યાર્થીનીઓ કુ. રિદ્ધિ મદલાણી તથા કુ. આરતી મોતીવરસએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રા. ડૉ. રેખાબહેન મોઢા, ડૉ. કીર્તિબહેન જાની, મુલાકાતી વ્યાખ્યાતા કુ. ફિરોઝા બેલીમ તથા સમાજશાસ્ત્ર વિભાગની વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવી હતી.

**૨) અર્થશાસ્ત્ર વિભાગ (તા. ૧૩-૦૧-૨૦૧૫) :-** 'અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા તથા શ્રી પુષ્પાબહેન જોષી હાજર હતા. કાર્યક્રમઓ પ્રારંભ અર્થશાસ્ત્ર વિભાગના વ્યાખ્યાતા ડૉ. ભાવનાબહેન કેશવાલા દ્વારા 'ॐ' કારથી કરાવવામાં આવ્યો. ત્યારબાદ ઉપસ્થિત વાલીશ્રીઅ, મહાનુભાવો, અધ્યાપકો તથા વિદ્યાર્થીનીઓ દ્વારા દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું અને પછી તરત જ વિદ્યાર્થીનીઓ દ્વારા મહાનુભાવો, વાલીશ્રીઓ અને અધ્યાપકોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ઈલાબહેન થાનકીએ મહેમાનો તથા વાલીશ્રીઓનું શબ્દોથી સ્વાગત કર્યું અને પછી ટ્રસ્ટીશ્રી શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા તથા હોસ્ટેલ એડમિનિસ્ટ્રેટરશ્રી પુષ્પાબહેન જોષીએ વિદ્યાર્થીનીઓને આશીર્વચનો આપ્યા. વાલીશ્રીઓ અને વિદ્યાર્થીનીઓએ અર્થશાસ્ત્ર વિભાગ તથા મહિલા કોલેજ વિષે પોતાના અભિપ્રાયો આપ્યા. આ પછી તરત જ દર વર્ષે શ્રેષ્ઠ કામગીરી બજાવતી વિદ્યાર્થીનીઓને "Best Student" અને "Out Standing Performance" માટે શિલ્ડ આપી પ્રોત્સાહિત કરાય છે. તે મુજબ આ વર્ષે પણ ૧૨ વિદ્યાર્થીનીઓને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવી. આ પછી રજુ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્પીચ, ગીત તથા સેમ-૬ની વિદ્યાર્થીનીઓ દ્વારા 'મા-બાપને ભૂલશો નહિ.' નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી. અંતમાં, આભારવિધિ મુલાકાતી પ્રાધ્યાપક કુ. અંજનાબહેન ગાધેરે કરી તથા રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કુ. જયના થાનકી અને કુ. ચાંદની જોષીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ. ઈલાબહેન થાનકી, ડૉ. ભાવનાબહેન કેશવાલા, પ્રા. અંજનાબહેન ગાધેર તથા અર્થશાસ્ત્ર વિભાગની વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવી હતી.

**૩) અંગ્રેજી વિભાગ (તા. ૧૭-૦૧-૨૦૧૫) :-** અંગ્રેજી વિભાગ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં પણ ડૉ. વી.આર. જી. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના ટ્રસ્ટીશ્રી શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા તથા હોસ્ટેલ એડમિનિસ્ટ્રેટર શ્રી પુષ્પાબહેન જોષી હાજર રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ દિપપ્રાગટ્ય તથા અતિથિઓનું પુષ્પગુચ્છથી તથા શબ્દોથી સ્વાગત કરીને કરવામાં આવ્યો. જેમાં સ્વાગત પ્રવચન ડૉ. સુલભાબહેન દેવપુરકરએ કર્યું તથા પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબે આજના યુગમાં અંગ્રેજી ભાષાનું મહત્વ સમજાવી, વિદ્યાર્થીનીઓને અંગ્રેજી વિષયની પસંદગી કરવા બદલ અભિનંદન આપ્યા. શ્રીમતી જયશ્રીબહેન તથા શ્રી પુષ્પાબહેને પણ વિદ્યાર્થીનીઓને આશીર્વચનો આપ્યા. વિદ્યાર્થીનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં નૃત્યો અને નાટકની પ્રસ્તુતિ કરી. ઉપરાંત, વિદ્યાર્થીનીઓ દ્વારા રંગોળી અને પ્રદર્શન પણ તૈયાર કરીને રજુ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત ૨૫ જેટલા વાલીઓમાંથી ૦૨ વાલીઓએ પોતાના પ્રતિભાવો રજુ કરતા સંસ્થા સાથેના જોડાણથી આનંદ વ્યક્ત કરી, કામગીરીની પ્રશંસા કરી હતી. કુ. હિરલ દેસાણી તથા તેની સખીઓએ PPT દ્વારા અંગ્રેજી વિભાગ દ્વારા વર્ષ દરમ્યાન કરવામાં આવેલી. વિવિધ પ્રવૃતિઓ સૌની સમક્ષ રજુઆત કરી હતી. આભારવિધિ, પ્રા. ઋષિતા ભટ્ટએ કરી હતી. કાર્યક્રમનું સુંદર સંચાલન કુ. સેજલ શીંગરખીયા તથા કુ. પાયલ વિઝુંડાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ. સુલભાબહેન દેવપુરકર, પ્રિ.શ્રી ડૉ. નાગર સાહેબ, પ્રા. નીતાબહેન બોરીસાગર, પ્રા.

ખુશાલભાઇ શીલુ, પ્રા. ઋષિતાબહેન ભટ્ટ તથા કુ. સોનલ પાંડવ, કુ. જલ્પા મહેતા તથા વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવી હતી.

**૪) હિન્દી વિભાગ (તા. ૨૧-૦૧-૨૦૧૫) :-** હિન્દી વિભાગ દ્વારા યોજાયલા આ કાર્યક્રમનું ટ્રસ્ટીશ્રીઓ શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા તથા શ્રી ભરતભાઈ વિસાણા તથા શ્રી પુષ્પાબહેન જોષી, ડૉ. વી.આર. ગોઢાણિયા બી.એડ્. કોલેજના પ્રિ.શ્રી.ડૉ. એ.આર. ભરડાસાહેબ પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ દિપપ્રાગટ્યથી કર્યા પછી, હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. વાઘેલાસાહેબે સૌનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. પ્રિ.શ્રી.ડૉ. નાગરસાહેબે કવિવર રવિન્દ્રનાથ ટાગોર તથા અન્ય રાષ્ટ્રીય લેખકો અને કવિઓનું હિન્દીના વિકાસમાં યોગદાન તથા રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવવાના પ્રયાસોની વિગતો આપી હતી તથા મહિલા કોલેજમાં કાર્યરત હિન્દી વિભાગની પ્રવૃતિઓ તથા પ્રાધ્યાપકોની પ્રશંસા કરી હતી. શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયાએ જણાવ્યું હતું કે, 'ગુજરાતની દિકરીઓ શક્તિ અને સામર્થ્યનો ભંડાર છે અને તેમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવાની જરૂર છે.' જ્યારે શ્રી ભરતભાઈ વિસાણાએ જણાવ્યું કે, 'યુવાશક્તિને પ્રોત્સાહિત કરવા આ કોલેજ સતત પ્રયત્નશીલ છે.' જ્યારે ડૉ. એ. આર. ભરડાસાહેબે જણાવ્યું કે, 'ગુજરાતનું અમૂલ્ય ઘરેણું દિકરીઓ છે. તે શિક્ષિત અને દિક્ષિત હોવી જોઈએ.' ઉપરાંત, હિન્દી ભાષાને તેમણે "Link Language" તથા 'રાષ્ટ્રીય એકતા' ના પ્રતીક તરીકે ઓળખાવી હતી.

કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં પૂ. ગાંધીબાપુની 'ઘરવાપસી' ના ૧૦૦ વર્ષ પુરાં થયા તે અંગેની સ્પીચ, હિન્દી કાવ્યમાં - બેટીનું મૂલ્ય ઉપર વાર્તાલાપ તથા દહેજનાં દુષણની થીમ ઉપર આધારીત નાટક 'વસંતઋતુનો પ્રભાવ' ઉપરાંત, રાજસ્થાની નૃત્ય અને રાસ જેવા કાર્યક્રમો યોજાયા હતા. ઉપસ્થિત વાલીશ્રીઓએ પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, આ કોલેજ દિકરીઓની સંસ્કાર સાથેની માવજત કરે છે. અંતમાં, આભારવિધિ ડૉ. સંગીતાબહેન પારેખે કરી હતી અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ. વાઘેલા સાહેબ, ડૉ. સંગીતાબહેન પારેખ તથા ડૉ. જશુબહેન ચાનપા તથા વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવી હતી.

**૫) કોમર્સ વિભાગ - અંગ્રેજી માધ્યમ (તા. ૨૩-૦૧-૨૦૧૫) :-** કોમર્સ અંગ્રેજી માધ્યમ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં પોરબંદર ખાતેની શ્રી ચમ અંગ્રેજી માધ્યમ સ્કુલના પ્રિન્સિપાલશ્રી શ્રીમતી સુનયનાબહેન ડોગરાને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરાયા હતા. કાર્યક્રમનો પ્રારંભ સરસ્વતીવંદનાથી કર્યા પછી કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રીમતી સુનયનાબહેન, પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ, શ્રી કલ્પનાબહેન જોષી, ઉપસ્થિત વાલીશ્રીઓ તથા વિદ્યાર્થીનીઓ દ્વારા દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પછી ડૉ. નાગરસાહેબે સૌનું શબ્દોથી સ્વાગત કરવાની સાથે મુખ્ય અતિથિશ્રી તથા વાલીશ્રીઓની સાથે અંગ્રેજી માધ્યમ કોમર્સ વિભાગના પ્રાધ્યાપકશ્રીઓનો પરિચય કરાવ્યો હતો તથા શ્રી કલ્પનાબહેન જોષીએ વર્ષ-૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન કરવામાં આવેલી પ્રવૃતિઓ અંગેની વિગતો રજુ કરી હતી. આ પછી ઈનામવિતરણ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃતિઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ ૦૭ વિદ્યાર્થીનીઓને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવી અને પછી અભ્યાસ વર્તુળ દ્વારા યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ નંબર મેળવનાર વિદ્યાર્થીનીઓને સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા. પછી તરત જ શ્રીમતી સુનયનાબહેન ડોગરા, ડૉ. નાગરસાહેબ તથા શ્રી કલ્પનાબહેન જોષીના વરદ હસ્તે કોમર્સ (અંગ્રેજી માધ્યમ) દ્વારા તૈયાર કરવામાં આવેલ News Letter ના પ્રથમ અંક "The Phoenix" નું વિમોચન કરવામાં આવ્યું. પછી રજુ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમનો પ્રારંભ શિવસ્તુતિથી કરવામાં આવ્યો તથા વિદ્યાર્થીનીઓ દ્વારા જુદા જુદા Theme Dance રજુ કરાયા હતા. સાથે જ PPT દ્વારા વિવિધ કાર્યક્રમો અંગેની માહિતી રજુ કરવામાં આવી. વાલીશ્રીઓ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓએ પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા. અંતમાં, પ્રા. વિપુલભાઈ દાસાણી દ્વારા આભારવિધિ કરવામાં આવી તથા રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો.

કાર્યક્રમનું સંચાલન કુ. બંસી લાખાણી, કુ. કૃપા ચરાડવા, કુ. માયા ઓડેદરા અને કુ. મીરાં પારેખએ કર્યું હતું તથા કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી કલ્પનાબહેન જોષી, પ્રા. વિપુલભાઈ દાસાણી, પ્રા. જાનકીબહેન કોટેચા, પ્રા. રિદ્ધિબહેન ગોટેચા, પ્રા. ચાંદનીબહેન દવે, પ્રા. મિતલબહેન જેઠવા, પ્રા. ઋષિભાઈ પંડયા, શ્રી મુકુલભાઈ ગોકુલગાંધી તથા વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવી હતી.

**૬) કોમર્સ વિભાગ - ગુજરાતી માધ્યમ (તા. ૨૮-૦૧-૨૦૧૫) :-** કોમર્સ વિભાગ ગુજરાતી માધ્યમ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, ટ્રસ્ટીશ્રીઓ શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા તથા શ્રી ભરતભાઈ વિસાણા, હોસ્ટેલ એડમિનિસ્ટ્રેટરશ્રી પુષ્પાબહેન જોષી તથા પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબ ખાસ હાજર રહ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ મહાનુભાવોના વરદ હસ્તે દિપપ્રાગટ્યથી કર્યા પછી કોલેજના વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરાસાહેબે ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. તથા વિદ્યાર્થીનીઓએ ઉપસ્થિત મહાનુભાવોનું કુમકુમ તિલક કરી સ્વાગત કર્યું હતું. આ પછી તરત જ પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ તથા પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ પ્રાસંગિક ઉદ્બોધનો કર્યા અને પછી તરત જ કોમર્સ વિદ્યાશાખાની ટોપ ટેન વિદ્યાર્થીનીઓનું મહાનુભાવોના વરદહસ્તે સન્માન કરવામાં આવ્યું. પછી વાલીશ્રીઓ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓએ સંસ્થા વિષેનો પોતાનો અભિપ્રાય આપ્યો. કાર્યક્રમમાં ૪૬ જેટલા વાલીશ્રીઓ હાજર રહ્યા હતા.

આ પછી વિદ્યાર્થીનીઓ દ્વારા રજુ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્તુતિ, સ્પીચ, ડાન્સ, નાટક અને સમુહગીત જેવા કાર્યક્રમો રજુ કરવામાં

આવ્યા. જેમાં કોમર્સ વિભાગ ગુજરાતી માધ્યમની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંતમાં, આભારવિધિ તથા રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પુરો થયો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા વ્યવસ્થા કોમર્સ ગુજરાતી માધ્યમની વર્તમાન વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવેલું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોમર્સ (ગુજરાતી માધ્યમ) ના પ્રાધ્યાપકશ્રીઓ, વાઈસ પ્રિ.શ્રી કગથરા સાહેબ તથા વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવી હતી.

## ૧૨) સપ્તધારા અંતર્ગત પ્રવૃતિઓ :-

### ૧) જ્ઞાનધારા :-

★ તા. ૦૨-૦૧-૨૦૧૫, 'વિશ્વ યોગ દિવસ' ના અનુસંધાને, Yoga and Health અંગે ડૉ. કેતનભાઈ શાહ દ્વારા પ્રવચન.

★ તા. ૦૯-૦૧-૨૦૧૫, E-Commerce વિષય પર ડૉ. કેતનભાઈ શાહ, ડૉ. કીર્તિબેન જાની, ડૉ. સુલભાબહેન દેવપુરકર દ્વારા 'ઘરબેઠાં કેવી રીતે બિઝનેસ કરી શકાય ?' તે અંગે માર્ગદર્શન

★ તા. ૧૬-૦૧-૨૦૧૫, 'ઓક્સિજન તથા હિમોગ્લોબીનની આપણા શરીરમાં જરૂરીયાત' - પર ડૉ. કેતનભાઈ શાહ દ્વારા વિદ્યાર્થીનીઓ સાથે વાર્તાલાપ.

★ તા. ૨૩-૦૧-૨૦૧૫, E-Advertisement અંગે ડૉ. સુલભાબહેન દેવપુરકર તથા ડૉ. કીર્તિબહેન જાની દ્વારા વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન અપાયું.

### ૨) સામુદાયિક સેવાધારા :-

★ તા. ૦૩-૧૨-૨૦૧૪, પ્રા. દક્ષાબહેન ચોટાઈ, ડૉ. ગીતાબહેન ઉનડકટ તથા ડૉ. રેખાબહેન મોઢા દ્વારા 'એઈડ્સ જાગૃતિ' અંગે વિદ્યાર્થીનીઓ સાથે વાર્તાલાપ.

★ તા. ૦૬-૧૨-૨૦૧૪, HDFC બેંકના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ.

★ તા. ૩૧-૧૨-૨૦૧૪, જુથચર્ચા, સ્ત્રીઓને ગૃહકાર્ય બદલ આર્થિક વળતર મળવું જોઈએ કે નહિ ? ડૉ. રેખાબહેન મોઢા દ્વારા આયોજન કરાયું.

★ તા. ૦૭-૦૧-૨૦૧૫, વિદ્યાર્થીનીઓ દ્વારા રમતનાં મેદાનની સફાઈ.

### ૩) સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા :-

★ તા. ૦૨-૧૨-૨૦૧૪, Expert Lecture, વકતા - ડૉ. ચેતનાબહેન બેચરા, વિષય- સિકલ સ્કેલ એનિમિયા, વકતવ્ય સાથે Power Point Audio Video Presentation.

★ તા. ૨૦-૦૧-૨૦૧૫, Expert Lecture, વકતા - શ્રી ભાસ્કરભાઈ જાની, વિષય- Positive Thinking.

★ તા. ૨૪-૦૧-૨૦૧૫, Expert Lecture, વકતા - પ્રા. દેવાયતભાઈ બાકુ. વિષય - સેમિનાર માટે સંશોધન પેપર કેવી રીતે તૈયાર કરવું ?'

### ૪) રંગકલા કૌશલ્યધારા :-

★ તા. ૧૩-૧૨-૨૦૧૪, Expert Lecture, વકતા - શ્રી વિજયભાઈ ભટ્ટ, વિષય - કારકિર્દી માર્ગદર્શન.

★ તા. ૨૦-૧૨-૨૦૧૪, વેસ્ટમાંથી બેસ્ટ ડેમોસ્ટ્રેશન Expert કુ. ઉર્મિલા પાણખાણિયા, બી.કોમ. સેમ-૪.

★ તા. ૨૧-૧૨-૨૦૧૪, શ્રી રામકૃષ્ણ મિશન - પોરબંદર દ્વારા આયોજીત ચિત્રસ્પર્ધામાં વિદ્યાર્થીનીઓની ભાગીદારી.

★ તા. ૩-૧-૨૦૧૫, રંગોળી સ્પર્ધા, ૧) અશ્વિની સોનીગ્રા તથા બડવા તરૂણા, (૨) દર્શના સોલંકી.

★ તા. ૧૭-૧-૨૦૧૫, અરેબિયન મહેંદી સ્પર્ધા, (૧) નફીસા બેલીમ, (૨) પ્રતિષ્ઠા રેણુકા, (૩) આશિયાના હેમદાણી.

★ તા. ૨૩-૧-૨૦૧૫, નગરપાલિકા તથા દિવ્ય ભાસ્કર દ્વારા આયોજીત Wall Book Painting Programme માં (ગાંધી વિચાર અને સ્વચ્છ ભારત વિષય પર આધારીત) માં મહિલા કોલેજની ૮



વિદ્યાર્થીનીઓ, સીમા જોષી, નીકિતા પાઠક, અંજના લોઢારી, બંસી લાડવા, પ્રિયંકા ઘેલાણી, ખુશ્બુ મોદી, કૃપા મોદી, દર્શના સોલંકી દ્વારા ભાગીદારી માટે પ્રોત્સાહન અને માર્ગદર્શન.

★ તા. ૨૯-૧-૨૦૧૫, On the Sport Drawing Workshop.

★ તા. ૩૦-૧-૨૦૧૫, K.C.G. અને ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા આયોજીત 'મહાત્મા ગાંધી અને સ્વચ્છતા' વિષય પર આધારીત ચિત્ર સ્પર્ધા, (૧) ખુશ્બુ લોઢારી, (૨) નિકિતા પાઠક, (૩) સીમા જોષી.

**૫) નાટયધારા :-**

★ તા. ૦૯-૧૨-૨૦૧૪, (1) Admade Show Group,(1) નમ્રતા, પ્રિયા, મિરાલી, (2) ગ્રુપ-૨ : દિવ્યા એન્ડ ગ્રુપ, (3) નાથી એન્ડ ગ્રુપ (૨) એકપાત્રીય અભિનય 'હું જીવી'. (૩) ગીત પ્રસ્તુતિ : (૧) રક્ષા જોષી, (૨) કિરણ સાદિયા, (૩) બંસી લાખાણી

★ તા. ૨૩-૧૨-૨૦૧૪, (૧) કાવ્ય/ગીત સ્પર્ધા, (૧) વનિતા પરમાર, (૨) પુજા સોલંકી, (૨) Short Movie - Life of Budhdha.

★ તા. ૬-૧-૨૦૧૫, એનીમેશનમાં કારકિર્દી - X-plora Institute દ્વારા સેમિનાર.

★ તા. ૧૩-૧-૨૦૧૫, (૧) નાટક - 'રીડ કી હડ્ડી', (૨) નાટક - 'ચૌરાસી લાખનું કારણ', (૩) Add-a-line ૧૫ વિદ્યાર્થીનીઓ.

★ તા. ૨૭-૧-૨૦૧૫, (૧) નાટ્યવાર્તા રજુઆત, મેકગ્રેથ - ડૉ. સુલભાબહેન દેવપુરકર, (૨) 'યુવા મતદાર મહોત્સવ - ૨૦૧૫' અંગેની ટૂંકી ફિલ્મોની રજૂઆત.

**૬) ખેલ-કૂદ-યોગ-વ્યાયામધારા :-**

★ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટની ખો-ખો ટીમમાં ડૉ. વી.આર.જી. મહિલા કોલેજની કુ. દેવી પરમાર અને કુ. માનસી ઓડેદરાની પસંદગી થઇ અને તેઓ બંને ઉદયપુર મુકામે રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેવા ગયેલ.

★ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની 'ક્રિકેટ' ટીમમાં કુ. મીના ઓડેદરાની પસંદગી થઇ અને તે ભોપાલ મુકામે રમવા ગયેલ.

'સોફ્ટ બોલ' રમતમાં સોલંકી દેવીકાની પસંદગી થઇ અને તે દિલ્હી મુકામે રમવા ગઇ.

ગુજરાતની 'ક્રિકેટ' ટીમમાં પુજા મોઢવાડિયા અને માલી ધર્સેન્ડાની પસંદગી થઇ અને તે મુથરા મુકામે રમતમાં ભાગ લેવા ગઇ.

## ૧૩) અભ્યાસ વર્તુળ અંતર્ગત પ્રવૃતિઓ :-

### (૧) અંગ્રેજી અભ્યાસવર્તુળ :-

★ Essay Competition :- 'Use & Abuse of Cell phone' વિજેતાઓ : (૧) કુ. સેજલ શિંગરખીયા (૨) હિરલ રાયઠઠ્ઠા (૩) અંકિતા બારૈયા અને રિદ્ધિ મોઢા.

### (૨) સંસ્કૃત અભ્યાસવર્તુળ :-

★ તા. : ૩/૧૨/૨૦૧૪ સંસ્કૃત ભાષામાં ક્વીઝ (ગીતા જયંતિ). વિજેતાઓ (૧) સંધ્યા પુરોહિત (૨) વનિતા મોઢવાડીયા અને વર્ષા થાનકી (૩) રેખા જગતિયા. નિર્ણાયકશ્રી : પ્રા. વર્ષાબહેન જોષી

★ તા. ૧૦/૧૨/૨૦૧૪ ગીતા જયંતિ નિમિતે સંસ્કૃતમાં પ્રાથર્ના સભામાં વકતવ્ય - કુ. વર્ષા થાનકી

★ તા. ૧૨/૧/૨૦૧૫ સંસ્કૃતમાં શિષ્ટવાંચન સ્પર્ધા. વિજેતાઓ : (૧)પારૂલ ચાવડા (૨) જયા કેશવાલા, રેખા જગતિયા (૩) મંજુ ખૂંટી. નિર્ણાયકશ્રી - પ્રા. વર્ષાબહેન જોષી

### (૩) ગુજરાતી અભ્યાસવર્તુળ :-

★ તા. ૯/૧/૨૦૧૫ કાવ્યપઠન સ્પર્ધા. વિજેતાઓ : (૧) સોનલ મોઢા (૨) અંકિતા લોઢારી અને કાજલ મોઢા (૩) પ્રિયા સાયાણી અને દિવ્યા વાંદરીયા. નિર્ણાયકશ્રી - પ્રા. સુહાગીનીબહેન ગરાસિયા.

### (૪) અર્થશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :-

★ તા. ૨૨/૧૨/૨૦૧૪ Quiz Competition.

★ તા. ૨૩/૧૨/૨૦૧૪ 'Handicraft Exhibition' ની ૧૧૪ વિદ્યાર્થીનીઓ દ્વારા મુલાકાત.

### (૫) સમાજશાસ્ત્ર અભ્યાસવર્તુળ :-

★ તા. ૬/૧૨/૨૦૧૪ - નિબંધ સ્પર્ધા. વિજેતાઓ : (૧) કવિતા કિશોર (૨) શાંતિ કોડિયાતર (૩) જ્યોત્સના ટીંબા. નિર્ણાયકશ્રી - પ્રા. કીર્તિબહેન જાની.

★ તા. ૧૦/૧૨/૨૦૧૪ - પુસ્તક પ્રદર્શન.

### (૬) કોમર્સ (અંગ્રેજી માધ્યમ) અભ્યાસવર્તુળ :-

★ તા. ૨૦/૧૨/૨૦૧૪ Newsletter ને નામ આપવાની Competition ૨૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. જેમાંથી sem-6 ની

વિદ્યાર્થીનીએ કુ. રિદ્ધિ બોખીરીયાએ સૂચિત કરેલ નામ "The Phoenix" પસંદ કરાયું.

★ તા. ૨૭/૧૨/૨૦૧૪ ખો-ખોની રમતનું આયોજન જેમાં શ્રી કગથરાસાહેબે ખો-ખોના નિયમો સમજાવ્યા તથા વિદ્યાર્થીનીઓએ હોંશભેર ભાગ લીધો.

★ તા. ૩૧/૧/૨૦૧૫ પ્રા. જાનકીબહેન કોટેચા દ્વારા 'JumBloid' સ્પર્ધાનું આયોજન કરાયું. જેમાં ૬૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. જેમાં વિજેતાઓ (૧) નીમા નૈનિકાએન્ડ ગ્રુપ (૨) નમ્રતા જાદવ એન્ડ ગ્રુપ. નિર્ણાયકશ્રી - પ્રા. ઋષિતા ભટ્ટ તથા પ્રા. ઋષિ પંડયા.

★ તા. ૨૪/૧/૨૦૧૫ પ્રા. જાનકીબહેન કોટેચા તથા પ્રા. રિદ્ધિબહેન ગોટેચા દ્વારા "Solo Dance Competition" નું આયોજન કરાયું. જેમાં ૧૨ વિદ્યાર્થીનીએ ભાગ લીધો. જેના વિજેતાઓ (૧) હેલી ડાંકી (૨) આયુષી મદલાણી (૩) માયા ઓડેદરા અને રીયા જુંગી.
નિર્ણાયકશ્રી - કલ્પનાબહેન જોષી.

★ તા. ૩૧/૧/૨૦૧૫ પ્રા. વિપુલભાઇ દાસાણી દ્વારા Poster Presentation Competition જેના વિજેતાઓ (૧) કુ. બંસી લાખાણી (૨) હની ભડીયાદ્રા અને હિરાલી ગોરખીયા (૩) ક્રિષ્ના સુંડાવદરા અને હેમાંગી નાંઢા. નિર્ણાયકશ્રી પ્રા. જાનકીબહેન કોટેચા અને પ્રા. ચાંદનીબહેન દવે.

**(૭) હોમસાયન્સ અભ્યાસવર્તુળ :-**

★ નિબંધ સ્પર્ધા : વિજેતાઓ (૧) કુ. મોહિની પાંજરી (૨) કુ. માધવી વાઢેર અને કુ. કૃપા વાજા (૩) કુ. હેમલ ગોસ્વામી અને ભાવિકા ગાધેર. નિર્ણાયકશ્રીઓ- ડૉ. ચેતનાબહેન બેચરા તથા ડૉ. કેતનભાઇ શાહ.

★ મહિલા કલ્યાણ કેન્દ્ર તથા નવજીવન ટ્રસ્ટની મુલાકાત : તા. ૧૩/૧/૨૦૧૫.

**(૧૪) વર્ષગાંઠ અભિનંદન :-** પ્રસ્તુત અંકમાં ફેબ્રુઆરી તથા માર્ચ - ૨૦૧૫માં જેમની વર્ષગાંઠ આવી રહી છે. તેમને શુભકામનાઓ પાઠવતાં 'જ્યોતિર્ગમય'ની ટીમ અત્યંત આનંદ અનુભવે છે.

★ **ફેબ્રુઆરી - ૨૦૧૫**

(૧) તા. ૧૭ ફેબ્રુઆરી - ડૉ. વી. આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના માનનીય મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા.
(૨) તા. ૧૨ ફેબ્રુઆરી - પ્રા. રણમલભાઇ મોઢવાડિયા.
(૩) તા. ૧૪ ફેબ્રુઆરી - શ્રી જલ્પાબહેન મહેતા.
(૪) તા. ૧૯ ફેબ્રુઆરી - શ્રી કપિલભાઇ લાખાણી.

★ **માર્ચ - ૨૦૧૫**

(૧) તા. ૦૬ માર્ચ - ડૉ. વી. આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના આદરણીય પ્રમુખશ્રી ડૉ. વિરમભાઇ ગોઢાણિયા.
(૨) તા. ૧૧ માર્ચ - ડૉ. ભાવનાબહેન મશરૂ.
(૩) તા. ૧૩ માર્ચ - પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા.
(૪) તા. ૧૮ માર્ચ - પ્રા. વર્ષાબહેન જોષી.
(૫) તા. ૨૫ માર્ચ - શ્રી સોનલબહેન પાંડવ.

ઉપરોક્ત સૌને તેમની વર્ષગાંઠ નિમિતે ડૉ. વી. આર. ગોઢાણિયા કોલેજ પરિવાર વતી અભિનંદન સાથે ભાવિ પ્રગતિ માટે શુભકામનાઓ.

**(૧૫) હોસ્ટેલ કોર્નર :-**

ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા હોસ્ટેલમાં રહીને આ જ શૈક્ષણિક સંકુલમાં અભ્યાસ કરી રહેલી વિદ્યાર્થીનીઓ પોતાના અભ્યાસની સાથોસાથ ગીત-સંગીતની તાલીમ પણ મેળવી રહી છે. અને વાદ્યો - જેવા કે, સિતાર, હાર્મોનિયમ, તબલાં ડ્રમ અને ઓરગન વગાડતાં શીખી રહી છે. તેની અભિવ્યકિત તરીકે,

(૧) તા. ૨૧/૧૨/૨૦૧૪ ના રોજ ડૉ. વી. આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઇ ગોઢાણિયા તથા ટ્રસ્ટીશ્રી શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયાના પ્રમુખ સ્થાને યોજાયેલા ભવ્ય કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓ દ્વારા તૈયાર કરાયેલ વૃંદવાદન, અભિનય ગીત, દેશભકિતગીત, યોગાસનો અને સમુહગીતો રજુ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા તથા ટ્રસ્ટીશ્રી જયશ્રીબહેન ગોઢાણિયા ઉપરાંત, ટ્રસ્ટીશ્રી ભરતભાઇ વિસાણા, પ્રિ. શ્રી. ડૉ. નાગરસાહેબ તથા દરેક વિભાગના વડાશ્રીઓ હાજર રહ્યા હતા. તથા સૌને પ્રોત્સાહન પુરૂં પાડ્યું હતું.

(૨) તા. ૨૫/૧૨/૨૦૧૪ ના રોજ સાયં સંધ્યા બાદ નાતાલ પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી.

(૩) તા. ૨૮/૧૨/૨૦૧૪ ના રોજ વિદ્યાર્થીનીઓને સોમનાથ તથા જૂનાગઢના પ્રવાસે લઇ જવાયા હતા.

(૪) તા. ૧/૧/૨૦૧૫ ના રોજ પૂ. માલદે બાપુની પુણ્યતિથિ નિમિતે હોસ્ટેલ વિભાગની વિદ્યાર્થીનીઓએ ચોપાટી ગ્રાઉન્ડ પર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો અને રમતગમતમાં પણ ભાગ લીધો હતો.
(૫) તા. ૧૪/૧/૨૦૧૫ ના રોજ, પતંગપર્વની ઉજવણી માટે ચોપાટી ગ્રાઉન્ડ પર વિદ્યાર્થીનીઓને લઇ જવામાં આવી હતી.

## (૧૬) ટીચર્સ કોર્નર :-

મનુષ્યનું મન એક સરોવર જેવું છે અને દરેક વિચાર તે સરોવરના તરંગ જેવો છે જેવી રીતે સરોવરમાં તરંગો ઉઠે છે અને શાંત થઇ જાય છે. તે જ રીતે આ વિચારો ચિત્તમાં નિરંતર ચાલે છેઅને શાંત થઇ જાય છે. પરંતુ તેનો સદાને માટે નાશ થઇ જતો નથી. માટે દરેક મનુષ્ય એ પોતાનું મન સારા વિચારો કરે તેનું સતત ધ્યાન રાખવું જોઇએ. જો મનુષ્ય મનથી સારા વિચાર કરે તો જેવું મનમાં છે તેવું સારૂ વચન બોલી શકે છે અને જો વાણીથી સારું વચન બોલે તો તે વાણી કર્મમાં પરિવર્તિત થતા તેનાથી સારું કર્મ પણ થઇ શકે છે. આપણો વેદોમાં કહ્યું છે કે, ''મારૂ મન હંમેશા શુભ વિચાર કરો.'' કારણ કે શુભ, સારા વિચારથી, સારી વાણી અને સારી વાણીથી સારૂ કર્મ કે શુભ કર્મ થશે. અને સારા કર્મથી જ હંમેશા માણસ મહાન બને છે.

- બાકુ દેવાયત ડી.
મનોવિજ્ઞાન વિભાગ,

:: પ્રાર્થના ::

માનવજીવનનાં યુદ્ધનું બળકટ શસ્ત્ર
અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ
જુજવે રૂપે અનંતભાસે;

- નરસિંહ મહેતા

નરસિંહ મહેતાની આ પ્રાર્થના ધર્મ-નિરપેક્ષ છે. પ્રાર્થના એક એવું તત્વ છે કે જે મનને તાત્કાલિક શાંત કરે છે, વિજ્ઞાનના પ્રયોગથી એ નક્કી કરવામાં આવ્યું છે કે પ્રાર્થના કરતા માનવીના મગજના તરંગો શાંત સરોવર જેવા થઇ જાય છે. પ્રાર્થનાથી માનવી એકધ્યાન થાય છે. પ્રાર્થના એ તો પરમશક્તિ સાથે અંતિમ મદદવાળો વાર્તાલાપ છે. છેલ્લે વધારે કાંઈ નહિ કહેતા ગાંધીજીના શબ્દો, ''જયારે પણ હું નિરાશ થયો છું, ત્યારે પ્રાર્થના કરવાથી મને બળ મળ્યું છે કે સત્ય અને પ્રેમથી સામેના માણસને કેમ જીતી લેવો ? ''

- ડૉ. કેતન શાહ
હોમ સાયન્સ ડિપાર્ટમેન્ટ

માત્ર ઉપદેશ આપવાથી પરિવર્તન આવતું નથી, પરંતુ એના આચરણથી જ સાચું પરિવર્તન સધાય. ઉપદેશ ચિત્તમાં એક વિચાર મૂકે છે. આચરણ એને વ્યવહારમાં પ્રગટ કરે છે. માત્ર વિચારથી કશું વળતું નથી. એ વિચાર આચારમાં ઉગે તે જે એનું સાર્થક્ય છે.

-ડૉ. ચેતના એન. બેચરા
એચ.ઓ.ડી. હોમસાયન્સ વિભાગ,

સજ્જનોનો દેખાવ નાળિયેર જેવો હોય છે. નાળિયેર બાહ્ય રીતે કઠોર દેખાય છે, પરંતુ અંદરથી કોમળ અને મધુર હોય છે. સજ્જનોનું પણ આવું જ હોય છે. બહારનો દેખાવ કદાચ સુકોમળ ન લાગે, પરંતુ તેમનું હૃદય કોમળભાવ, દયા અને કરૂણાથી ભરેલું હોય છે. જેની પાસે પહોંચતા કોઈ પણ વ્યક્તિને શાંતિનો અનુભવ થાય.

પ્રા. ચોટાઈ દક્ષાબેન એ., હોમસાયન્સ વિભાગ

''નવી પેઢીની, આપણા જીવનધર્મના વાહકોની કેડીને યુગોપર્યંત પ્રકાશિત બનાવવાના એક માતૃહૃદયઈ ગુરૂના પ્રયત્નો અમૂલ્ય હોય એ સ્વાભાવિક છે.''

-ડૉ. સ્મિતાબહેન આચાર્ય
હોમસાયન્સ વિભાગ

માણસ

''સુકર્મથી અમર થાય છે, ઉત્સાહથી યુવાન રહે છે, પ્રાર્થનાથી પ્રફુલ્લિત બને છે અને પરોપકારથી ચિરંજીવી બને છે.''

-ભારતીબેન કે. શીંગરખીયા
હોમસાયન્સ વિભાગ

મધુર વાણી જ જપ છે અને મધુર વાણી જ તપ છે.

## (૧૮) સ્ટુડન્ટ કોર્નર :-

આવી આવી ધૂળેટી આવી,
પ્રેમનો સંદેશો લાવી !

દુશ્મનીના કાળા અંધકારમાં,
પ્રેમનો પીળો ઉજાસ લાવી !

અધર્મના કાળા વાદળમાંથી,
ધર્મરૂપી પીળો સૂર્ય લાવી !

ભેદભાવ રૂપી કાળી દુનિયામાં,
પ્રેમના વિવિધ રંગો લાવી !

રંગોનો આ પર્વ લાવી,
આવી આવી ધૂળેટી આવી !

લોઢારી અંકિતા
બી.એ. સેમ-૬ (ગુજરાતી)

એકવાર માણસે કોયલને કહ્યું,
કોયલ તારામાં કાળાશ ન હોત તો
તું કેટલી સારી હોત ?
એકવાર માણસે સાગરને કહ્યું,
સાગર તારામાં ખારાશ ન હોય તો
તું કેટલો સારો હોત ?

વળી, એકવાર તેણે ગુલાબને કહ્યું,
ગુલાબ તારામાં કંટક ન હોત તો
તું કેટલું સારું હોત ?

આ સાંભળી કોયલ, સાગર અને
ગુલાબ ત્રણેય એક સાથે બોલી ઉઠ્યા
હે માનવ તારામાં બીજાના દોષ જોવાની
કુટેવ ન હોત તો તું કેટલો સારો હોત ?

- રાવલ ચાંદની
બી.કોમ.સેમ-૨ (અંગ્રેજી)

વસંત આવી છે
વાંસતી વાયરો લઇ આવ્યો રે ફુલડાની ફોરમ

વસંત મહેકી છે ફુલડે ફુલડે
પર્ણ ખીલ્યા છે ડાળે ડાળે
વાસંતી વાયરો...

રંગોની બોદાર છલકી રહી છે
પતંગિયાની ભાષા મલકી રહી છે.
વાસંતી વાયરો...

પંખીઓનો કલશોર આંગણે આંગણે
કેસુડાનો પગરવ વગડે વગડે
વાસંતી વાયરો...

હોળી લાવી છે પરબની ટોળી
ધુળેટી લાવી છે રંગોની ઝોળી
વાસંતી વાયરો...

-પ્રિયા જે. ચૌહાણ
ટી.વાય.બી. કોમ. (અંગ્રેજી)

Pasts is a waste paper,
Present is a newspaper,
Future is a question paper
So,
Read and Write carefully
other wise,
life will be a **TISSUE PAPER**

બાળપણ = સમય અને શક્તિ છે.... પણ ધન નથી.
યુવાની = ધન અને શક્તિ છે.... ,પ સમય નથી.
ઘડપણ = સમય અને ધન છે.... પણ શક્તિ નથી.

મેહતા ક્રિષ્ના એચ.
બી.કોમ. (ગુજરાતી)

પોતાના જ્ઞાન પર ગર્વ કરવો એ સૌથી મોટું અજ્ઞાન છે.

કેટલી આશ્ચર્યની વાત છે. લોકો જીંદગી વધારવા માંગે છે, પરંતુ સુધારવા નથી માંગતા.

- મોઢવાડીયા પુજા ભીમાભાઈ
-ટી.વાય.બી.કોમ. (અંગ્રેજી માધ્યમ)

મા, મેને તુમ્હે દેખા હૈ...

દેખકર બચ્ચો કો હસતા ચેહરા,
મા કે ચહેરે કો હસતે દેખા હૈ...

ભુલકર નૌ મહીને કી પીડા,
બચ્ચો કો દુલાર કરતે દેખા હૈ...

મા કી ખ્વાહિશો કો ચુર-ચુર,
ઔર બચ્ચો કે સપનો કો પુરા કરતે દેખા હૈ...

બચ્ચો કો સુખે મેં સુલાકર,
મા કો ગીલે મે સોતે દેખા હૈ...

રાત-રાત ભર જાગ-જાગ કર,
બચ્ચો કો પ્યાર સે સુલાતે દેખા હૈ...

અપને આંસુ પલકો મે છુપાકર
બચ્ચો કે આંસુ પોછતે દેખા હૈ...

મા તેને તુમ્હે હર રૂપ મેં દેખા હૈ,
સ્નહે, સ્મિત, ક્રોધ, અપને બચ્ચો પર કરતે દેખા હૈ...

મા તું કરુણા કી દેવી હૈ...
તેરી મુરત સબસે પ્યારી હૈ....

- ઓડેદરા મનીષા (બી.એ. સેમ-૨)

## (૧૯) પ્રિન્સિપાલશ્રીની કલમે :-

Dear Student,
Among the many lessons of life that a wise student must learn during his golden college-period is the art of schooling one's self into the mysterious ways of **LIFE**. For instance, changes in seasons are meant to remind man about the **inevitability of change** in a human being's life. NOTHING IS PERMANENT. Therefore the **wise student learns both from books and life.** All the very best for the University examinations. May Goddess Saraswati's grace be always with you all.

- Dr. Nagar sir,
Principal

## (૨૦) તંત્રી સ્થાનેથી :-

આપણે જેમ ઉત્સવ ઉજવીએ છીએ તેમ પ્રકૃતિ પણ તેના ઉત્સવો ઉજવે છે અને તે ઉત્સવના વધામણા આપતો દિવસ એટલે મહા સુદ ૫ - વસંત પંચમી. વસંત એટલે સમત્વનું પ્રત્યક્ષ દર્શન. જીવનમાં વસંત ખીલવવી હશે તો આવનારા સુખ-દુઃખ, જય-પરાજય, અને યશ-અપયશમાં સમવૃત્તિ કેળવતા આવડવી જોઈએ. તેથી જ તો શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહેવાયું છે કે, ''**समत्वं योग उच्यते**'' આ હોય તો જ જીવન ખીલે, તો જીવનમાં સૌંદર્યનું નિર્માણ થાય. વસંતની જેમ જીવનને ખીલવવું હોય તો ભોગવૃતિ ઉપર અંકુશ મુકીને તેને સંયમિત કરવું પડશે અને જીવનમાં વસંતને ખીલવવી હશે તો આશાદીપ સતત પ્રજ્જવલિત રાખીને સંયમ અને સમત્વવૃત્તિ કેળવવી પડશે. વસંતમાંથી પ્રેરણા લઇ, પોતાના મનને કંડારી, એક સુંદર આકૃતિ નિર્માણ કરી, ચાલો, આપણે સૌ વસંતનને વધાવીએ.

**ડૉ. રેખાબહેન મોઢા** | **પ્રા. વર્ષાબહેન જોષી** | **શ્રી સુરેશભાઈ ગોરસીયા** | **શ્રી કલ્પનાબહેન જોષી** | **પ્રા. ઋષિભાઈ પંડ્યા**